દાખલ તારીખ :- ૦૩-૧૧-૨૦૨૨
નોંધણી તારીખ :- ૦૩-૧૧-૨૦૨૨
ફેંસલ તારીખ :- ૧૯-૧૧-૨૦૨૨
સમયગાળો :- **વર્ષ-માસ-દિવસ**
**૦૦ - ૦૦ - ૧૬**

**મે.એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, પાટણ , મુ.રાધનપુર .**

**ક્રિ.પર.અ.નં. ૪૩૨/૨૦૨૨**
**આંક :- ૧૩**

**અરજદાર :-** (૧) મગનભાઈ મહાદેવભાઈ ઠક્કર,
ઉ.વ.આ.૭૬, ધંધોઃ વેપાર,
રહે. ધોબીયા શેરી, મુ.તા.રાધનપુર, જી.પાટણ,
(૨) કિરીટભાઈ મગનલાલ ઠક્કર,
ઉ.વ.આ.પુખ્ત, ધંધોઃ વેપાર,
રહે. જલારામ સોસાયટી, મુ.તા.રાધનપુર, જી.પાટણ,
(૩) વિનોદભાઈ મગનલાલ ઠક્કર,
ઉ.વ.આ.પુખ્ત, ધંધોઃ વેપાર,
રહે. શારદા સોસાયટી, મુ.તા.રાધનપુર, જી.પાટણ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :-** શ્રી સરકાર

**બાબત :-** **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૮ અન્વયે આગોતરા જામીન મેળવવાની અરજી...**

**એડવોકેટસ :-**
અરજદાર/આરોપી ઓ તર્ફે વિ.વકીલશ્રી જે.બી.વ્યાસ
સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.પંડ્યા

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી ઓને રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦ ૨૭૨૨૧૦૬૩/૨૦૨૨, ઈ.પી.કો.કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી)

તથા ૧૧૪ મુજબના નોંધાયેલા ગુનામાં પોલીસ દ્વારા તેઓની ધરપકડ થવાની દહેશત હોઈ, તેઓએ તેઓના વિ.વ.શ્રી જે.બી.વ્યાસ મારફત ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ અન્વયે અરજીમાં જણાવેલ હકીકતો અને કારણોસર હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે એફ.આઈ.આર. મુજબ ટુંકમાં ફરીયાદ હકીકત એવી છે કે, ફરીયાદીના પિતાજી તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ મરણ ગયેલ હોવા છતાં રે.સ.નં.૩૭૭/બ/૬ જેના સીટી સર્વે નં. ૬૫૫૩ જેમાં કુલ ૨૯.૩૪ ચો.મી. વાળી જમીનમાં દશ દુકાનો સિવાય બાકીની જમીનમાં નવીન બાંધકામ બાંધવાના લે આઉટમાં પાર્કીગ વાળી જગ્યામાં ફરીયાદીની દુકાન બતાવી જેના બાંધકામની મંજૂરી મેળવવા સારૂ રૂ.૨૦/– ના સ્ટેમ્પ ઉપર સંમતિ પત્રકમાં ફરીયાદીના પિતા મરણ ગયા બાદ ખોટી સહી કરેલ અને તે બોગસ સમંતીલેખ આ કામના આરોપીઓ દ્ધારા અથવા તેઓએ કોઇ અન્ય ઇસમ પાસે ફરીના પિતાની ખોટી સહી કરી અને તે સંમતી પત્રકનો અલગ અલગ જગ્યાએ કચેરીમાં ખોટો ઉપયોગ કરી ગુનો કરેલ અને આ બાબતે ફરીયાદીએ પોલીસ સ્ટેશને ફરીયાદ આપતા, રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦ ૨૭૨૨૧૦૬૩/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલો.

(૩) આ કામના અરજદાર/આરોપી ઓની હાલની અરજી ઉપરથી સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.પંડ્યા હાજર રહેલા છે.

(૪) અરજદાર/આરોપી ઓ તરફે વિ.વકીલશ્રી જે.બી.વ્યાસ તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.પંડ્યાને સાંભળ્યા. અરજદાર/આરોપી ઓની

જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપીઓ તરફે આંક– ૦૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ. ૩/૧ થી ૩/૧૯ થી રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા આંક– ૧૧ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ. ૧૧/૧ થી ૧૧/૪ થી રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા આંક– ૧૨ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ. ૧૨/૧ થી ૧૨/૨ થી રજુ ઓથોરીટીઓ વંચાણે લીધા તેમજ મુળ ફરીયાદી તર્ફે આંક–૮ થી રજૂ થયેલ અરજદાર/આરોપીઓની જામીન અરજી મંજૂર કરવા સામે વાંધો દર્શાવતું સોગંદનામું તથા આંક– ૧૦ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ. ૧૦/૧ થી ૧૦/૧૦ થી રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તેમજ આંક– ૦૯ થી રજુ થયેલ ડી.એમ.જોષી, પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, રાધનપુર પો.સ્ટે.નાઓનું સોગંદનામું તથા તપાસનુ રેકર્ડ વંચાણે લીધા.

(૫) અરજદાર/આરોપી ઓ તરફે વિ.વકીલશ્રી જે.બી.વ્યાસની દલીલ એવી છે કે, રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૨૧૦૬૩/૨૦૨૨, ઈ.પી.કો.કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાના કામે હાલના અરજદાર/આરોપી ઓની ધરપકડ થવાની દહેશત છે. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીઓ ઉપર તદ્દન ખોટો ગુનો દાખલ કરેલ છે, ગુના વિશે તેઓ કંઈ જાણતા નથી. આ કામનો બનાવ તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ બનેલ છે અને ફરીયાદ તા.૧૯/૧૦/૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદ ત્રણ વર્ષ જેટલી મોડી દાખલ કરવામાં આવેલ છે. વધુમાં હાલના ગુનાની ફરીયાદમાં અરજદાર /આરોપીઓ દ્વારા ખોટુ સંમતિપત્રક રજૂ કર્યુ હોય તેવો નામ જોગ કોઈ આક્ષેપ નથી. અરજદાર/આરોપી નં. ૧ અરજદાર/આરોપી નં. ૨, ૩ ના પિતા થાય છે અને અરજદાર/આરોપી નં.૨ અને ૩ અરજદાર/આરોપી નં. ૧ ના પુત્ર હોવાના કારણે તેમને આરોપી તરીકે જોડી દીધેલ છે. આ કામે નિ.૩/૪ થી રજૂ કરેલ સંમતિપત્રક

અરજદાર/આરોપીઓએ પ્રાંત ઓફીસમાં રજૂ કરેલ નથી પરંતુ અરજદાર/આરોપીઓના વિરોધીઓએ તેઓને ફસાવવા રજૂ કરેલ હોઈ શકે અને આ સંમતિપત્રકમાં અનુક્રમ નં.૧, ૬ અને ૭ ની પણ ખોટી સહીઓ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી નં.૧ નાએ તેઓની રીવાઈઝ પ્લાનની અરજી સાથે દસ દુકાનો પૈકી ચાર દુકાનના મ)લિકોના સોગંદનામા રજુ કરેલા. જે આ કામે નિ.૩/૫, ૩/૬, ૩/૭ તથા ૩/૮ થી રજુ કરેલ છે. આરોપીઓના ગુનાહિત ઈતિહાસ અંગે એવી રજુઆત કરેલ છે કે, હાલના અરજદાર/આરોપી નં.૨ સામે અગાઉના ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાના કામે રાધનપુર પો.સ્ટે. એમ. કેસ નં.૮/૨૦૧૧ થી 'બી' સમરી ભરેલ છે તથા અરજદાર/આરોપી નં.૨ વિરૂધ્ધ સેટેલાઇટ પો.સ્ટે. અમદાવાદ ફ.ગુ.ર.નં.૧૯૭/૨૦૧૭ થી ગુનો રજીસ્ટર થયેલ તે નામદાર ગુજરાત હાઇકોર્ટે ફો.પ.અ.નં.૧૬૮૬૮/૨૦૨૧ થી ક્વોશ કરેલ છે તથા અરજદાર/આરોપી નં.૨ વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૭/૨૦૧૮, ઈ.પી.કો.કલમ–૧૬૭, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૯, ૧૨૦(બી), ૧૧૪ તથા ભ્રષ્ટાચાર અધિનિયમની કલમ–૧૩(૧)(સી) મુજબના ગુનાના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે ફો.પ.અ.નં.૪૫૪૯/૨૦૧૯ થી આગોતરા જામીન આપેલ છે તથા અરજદાર /આરોપી નં.૩ વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૪/૨૦૧૪, ઈ.પી.કો.કલમ–૧૬૭, ૧૬૮, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૪૦૯, ૧૨૦(બી) તથા ભ્રષ્ટાચાર અધિનિયમની કલમ–૧૩(૧)(સી) મુજબના ગુનાના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે ફો.પ.અ.નં.૧૬૫૭/૨૦૧૯ થી રેગ્યુલર જામીન આપેલ છે. અરજદાર/ આરોપી નં.૨ અને ૩ કોઇ ગુનામાં દોષિત ઠરેલ નથી. વધુમાં અરજદાર/આરોપી નં. ૧ ની ઉંમર ૭૬ વર્ષની છે અને તેઓને ૨૦૦૭ થી ૨૦૨૨ સુધી હાર્ટના પ્રોબલેમની દવા ચાલે છે. જે અંગેના મેડીકલ રીપોર્ટ્સ આ કામે રજૂ કરેલ છે. તેઓએ પોતાની દલીલોના સમર્થનમાં **નામદાર સુપ્રિમ કોર્ટ, સુશીલા અગ્રવાલ વિ. સ્ટેટ (એન.સી.ટી.**

**દિલ્હી) અને બીજા,** તા.૨૯/૦૧/૨૦૨૦ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ, **આર/સ્પે.સિવિલ એપ્લીકેશન નં. ૧૭૦૯/૨૦૨૨, પરેશભાઈ ધીરજલાલ ઠક્કર વિ. રાધનપુર નગરપાલીકા,** તા.૨૮/૦૧/૨૦૨૨ વાળી ઓથોરીટીઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ઉપર આધાર રાખેલ છે. વધુમાં, અરજદાર/આરોપીઓ અત્રેના જીલ્લાના સ્થાનિક રહેવાસી છે, અરજદાર/આરોપીઓ સ્થાવર તથા જંગમ મીલ્કત ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી. આ કામના અરજદાર /આરોપીઓની ધરપકડ કરવામાં આવે તો તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે અને તેમના પરિવારને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. આ કામના અરજદાર /આરોપીઓ નામદાર કોર્ટ ફરમાવે તેવી રકમના જામીન આપવા તૈયાર અને ખુશી છે તેમજ પોલીસ તપાસમાં સંપુર્ણ સાથ સહકાર આપવાની ખાત્રી આપે છે. જેથી આ કામના અરજદાર/આરોપીઓની હાલની આગોતરા જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.પંડ્યાએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૨૧૭૦૨૭૨૨૧૦૬૩/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી નં.૧ નાએ જે દસ દુકાનો અંગે રીવાઈઝ પ્લાન રજુ કરેલ તે પૈકી એક દુકાનના માલિક ફરીયાદીના અવસાન પામેલ પિતા હોય, ફરીયાદીની સંમતિ સિવાય પ્રાંતમાં રીવાઇજ પ્લાન રજૂ કરવા તે જ એક ગુનો બને છે. સંમતિપત્રમાં જેની તકરારી સહી છે તે વ્યક્તિ તે દિવસે હયાત ન હતા. તેઓ તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ ગુજરી ગયેલ હતા અને સંમતિપત્ર તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજનો છે. અરજદાર/આરોપી નં.૧ નાએ રીવાઈઝ પ્લાન માટેની અરજી રજુ કરેલ હોય, તે અરજી સાથેના તમામ દસ્તાવેજો તેમણે જ રજુ કર્યા હોય

તેવુ અનુમાન કરવા પાત્ર થાય. માટે નિ.૩/૪ થી રજુ કરેલ સંમતિપત્રક અરજદાર/આરોપીઓએ રજુ કરેલ નથી તેવી દલીલ ટકવાપાત્ર નથી. વધુમાં, ફરીયાદીએ સંમતિપત્ર આર.ટી.આઇ. મુજબની અરજી કરી પ્રાંત કચેરીમાંથી તે કેસના રેકર્ડમાંથી મેળવેલ છે. તેથી પણ નિ.૩/૪ નો દસ્તાવેજ તે અરજી સાથે રજુ થયાની હકીકત માનવા યોગ્ય છે. નિ.૩/૪ વાળો સંમતિપત્ર જે સ્ટેમ્પ પેપર ઉપર તૈયાર કરવામાં આવેલ છે તે સ્ટેમ્પ પેપર ખરીદનાર તરીકે સોમાભાઇ લાલાભાઇ પ્રજાપતિ (એસ.એલ. પ્રજાપતિ) દર્શાવેલ છે અને તેઓએ હાલની ફરીયાદ દાખલ થયા બાદ રાધનપુર પોલીસને ઉદેશીને તા.૧૯/૧૦/૨૦૨૨ ના પત્રમાં અરજદાર/આરોપી નં. ૨ અને ૩ નાઓ હાલના ગુનામાં સામેલ હોવાનો અને સક્રિય ભાગ ભજવેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે. આ કામે અરજદાર/આરોપીઓ તર્ફે નિ.૩/૪ થી તથા ફરીયાદપક્ષે નિ.૧૦/૨ થી રજૂ થયેલ સોગંદનામા સરખાવતા તે એક જ વ્યક્તિના હસ્તાક્ષરમાં છે અને નિ.૧૦/૨ થી રજૂ થયેલ સોગંદનામું અરજદાર/આરોપી નં.૧ નાએ કરેલ છે અને ઓળખાણ આપનાર અરજદાર/આરોપી નં.૩ છે. આમ, આ ગુનામાં અરજદાર/આરોપી નં.૨ તથા ૩ નાએ પણ સક્રિય ભાગ ભજવેલ છે અને તેથી તેઓને માત્ર અરજદાર/આરોપી નં.૧ ના પુત્ર હોવાના કારણે આરોપી બનાવેલ છે તેવી દલીલ પણ ટકવાપાત્ર નથી. વધુમાં સંમતિપત્રકમાં જેની ૨ નંબર પર સહી છે તેઓએ પણ આ સહી તેમની નથી તેમ રાધનપુર પોલીસને જણાવેલ છે. તેઓએ પોતાની દલીલોના સમર્થનમાં Hon'ble Allahabad High Court, Cr.M.A.No. 7661/2021, Pankaj Grover V/s Directorate of Enforcement, Govt. of India, Lucknow, Dt.26/08/2021 વાળી ઓથોરીટીમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ઉપર આધાર રાખેલ છે અને રજુઆત કરેલ છે કે, આ ઓથોરીટીમા ઠરાવ્યા મુજબ આગોતરા જામીન અપવાદરૂપ કિસ્સામાં મંજુર થવા પાત્ર છે અને આર્થિક ગુનાના કેસોમાં આગોતરા જામીન અરજી જવલ્લેજ મંજુર થવા પાત્ર છે. વધુમાં અરજદાર/આરોપી નં. ૨ અને ૩

ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. હાલના ગુનાની તપાસ ચાલુ છે. જો અરજદાર/ આરોપીઓને જામીન આપવામાં આવે તો તપાસ ઉપર વિપરીત અસર થાય તેમ છે. જેથી હાલના ગુનાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈ વિગેરે ધ્યાને લઈ, અરજદાર/ આરોપીઓની હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. ત.ક.અમલદારનુ સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો તથા અરજદાર/આરોપી ઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તથા મૂળ ફરીયાદી તરફે રજૂ થયેલ સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. આ કામના અરજદાર/આરોપી ઓ વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૨૧૦૬૩/૨૦૨૨, ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામે ફરીયાદ હકીકત તથા આંક– ૯ થી રજુ ત.ક.અમલદારનુ સોગંદનામુ તથા તપાસના કાગળો વંચાણે લીધા. આ કામે ફરીયાદીના પિતાજી તા.૧૭/૦૨/૨૦૧૮ ના રોજ મરણ ગયેલ હોવા બાબતે કોઈ પક્ષનો વાંધો રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદીના પિતા રીવાઈઝ પ્લાનમાં આવૃત થયેલ ૧૦ દુકાનો પૈકી એક દુકાનના માલિક હોવા બાબતે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે અને તેથી તેઓની અથવા તેઓના વારસદારની સંમતિ સિવાય રીવાઈઝ પ્લાન મંજુર થઈ શકે તેમ ન હોઈ, નિ.૩/૪ વાળો કહેવાતો સંમતિપત્ર રીવાઈઝ પ્લાન મંજુરીની અરજી સાથે રજુ થયાનુ જણાઈ આવેલ છે. આ સંમતિપત્ર ફરીયાદીના પિતા ગુજરી ગયા બાદ આશરે ચાર માસ બાદ તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ સહી કરી એક્ઝીક્યુટ કરવામા આવેલ છે અને તેથી મરણ જનારની ખોટી સહી કરી બનાવટી દસ્તાવેજ ઉભો કરવામાં આવ્યો હોવાની હકીકત પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. આ રીવાઈઝ પ્લાન માટેની અરજી અરજદાર/આરોપી નં.૧ નાએ રજુ કરેલ હતી અને તે અરજી સાથેના કાગળોમાં તે સંમતિપત્ર સામેલ હતુ. તેથી આ સંમતિપત્ર અરજદાર/ આરોપી નં.૧ ધ્વારા રજુ થયેલ નથી તેવી દલીલ આ તબકકે સ્વીકાર્ય જણાતી નથી.

વધુમા, નિ.૩/૪ વાળુ સંમતિપત્ર જે સ્ટેમ્પ પેપર ઉપર થયેલ તે સ્ટેમ્પ પેપરના ખરીદનાર અને તેને તૈયાર કરનાર સોમાભાઈ લાલાભાઈ પ્રજાપતિનો તા.૧૯/૧૦/૨૨ નો પત્ર વંચાણે લેતા, અરજદાર/આરોપી નં.૨ અને ૩ નાઓ વિરૂઘ્ધ પણ પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. વધુમાં, નિ.૩/૪ તથા નિ.૧૦/૨ થી રજુ થયેલ સોગંદનામાઓ સરખાવતા તે એક જ વ્યકિતના હસ્તાક્ષરમાં છે અને નિ.૧૦/૨ થી રજુ થયેલ સોગંદનામું જે સ્ટેમ્પ પેપર ઉપર થયેલ છે તેના ખરીદનાર પણ સોમાભાઈ લાલાભાઈ પ્રજાપતિ છે, જેઓને આ રીવાઈઝ પ્લાનની કામગીરીનુ કામ અરજદાર/ આરોપી નં.૨ અને ૩ નાએ સોંપેલુ અને આ સોગંદનામાને એકઝીકયુટ કરનાર અરજદાર /આરોપી નં.૧ છે અને તેમાં ઓળખ આપનાર તરીકે અરજદાર/આરોપી નં.૩ ની સહી છે અને તે રીતે પણ અરજદાર/આરોપીઓ વિરૂઘ્ધ મજબુત પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. આમ, ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં, આરોપીઓનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી જણાય છે અને અરજદાર/આરોપી ઓની હાલના ગુનાના કામે સંડોવણી અંગે તપાસ મહત્વના તબકકે હોય, ત્યારે જો અરજદાર/આરોપી ઓની જામીન અરજી મંજુર કરવામાં આવે તો તપાસને વિપરીત અસર પડે તેમ છે. આ કામે તપાસના કામે અરજદાર/આરોપી ઓની હાજરીની જરૂર જણાય છે. જેથી અરજદાર/આરોપીઓ તરફે રજૂ થયેલ ઓથોરીટીઓમાં જણાવેલ સિઘ્ધાંતો તેઓને મદદરૂપ થતા નથી. જયારે ફરીયાદ પક્ષે રજુ થયેલ ઓથોરીટીમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત તેઓને મદદરૂપ થાય છે. આમ, આ કામે એફ.આઈ.આર. પોલીસ પેપર્સ તથા આઈ.ઓ.નુ સોગંદનામું ધ્યાને લેતા, હાલના અરજદાર/આરોપીઓ સામે પ્રાઈમાફેસી કેસ છે. પોલીસ તપાસ હાલ ચાલુ છે. આ તમામ સંજોગોમાં આ કામના અરજદાર/આરોપી ઓનો ગુનામાં રોલ તથા ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા વિ.એ.પી.પી.શ્રી તરફે રજૂ થયેલ ઓથોરીટીના સિઘ્ધાંતો તથા અરજદાર/આરોપી ઓ વિરૂઘ્ધ પોલીસ રેકર્ડ ઉપરનો એકંદર પુરાવો ધ્યાને લેતા, ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ અન્વયેની આગોતરા જામીન સંબંધી સેશન્સ કોર્ટની ખાસ સત્તાનો ઉપયોગ કરી, આ કામના અરજદાર/

આરોપીઓને આગોતરા જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

-- આ કામના અરજદાર/આરોપી નં. (૧) મગનભાઇ મહાદેવભાઇ ઠક્કર, રહે. ધોબીયા શેરી, મુ.તા.રાધનપુર, જી.પાટણ, (૨) કિરીટભાઇ મગનલાલ ઠક્કર, રહે. જલારામ સોસાયટી, મુ.તા.રાધનપુર, જી.પાટણ, (૩) વિનોદભાઇ મગનલાલ ઠક્કર, રહે. શારદા સોસાયટી, મુ.તા.રાધનપુર, જી.પાટણ વાળાઓની રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨ ૧૭૦૨૭૨૨૧૦૬૩/૨૦૨૨, ઇ.પી.કો.કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાના કામની ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૮ અન્વયેની આગોતરા જામીન ઉપર મુકત થવા સંબંધેની અરજી આથી **નામંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. **૧૯ મી,** માહે **નવેમ્બર,** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૯/૧૧/૨૦૨૨.
પાટણ, મુ.રાધનપુર.

( **ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ** )
GJ00660
ઇ.ચા.એડીશનલ સેશન્સ જજ, પાટણ,
મુ.રાધનપુર.